જરુરી

રાજ્યમાં પોલીસ પટેલોની નિમણુંક બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,

પરિપત્ર ક્રમાંક:પટલ-૧૦૮૯-૧૦૩-મ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-૧૦-૪-૮૯

રાજ્યમાં પોલીસ પટેલોની પ્રથા ચાલુ રાખવી કે નાબુદ કરવી તે પ્રશ્ન સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. દરમ્યાનમાં પોલીસ પટેલની ખાલી જગ્યાઓ ભરવા સંબંધમાં પુછાયેલ એક તારાંકિત પ્રશ્નના જવાબમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં પોલીસ પટેલની જગ્યાઓ ક્રમશ: નાબુદ કરવા ખાતરી આપેલ છે. જેના અનુસંધાનમાં સરકારશ્રીએ હાલના તબકકે નીચે પ્રમાણેનો નિર્ણય લીધેલ છે. તો હવેથી આ નિર્ણય મુજબની કાર્યવાહી રાખવા માટે આથી સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને સલાહ આપવામાં આવે છે.

(૧) પોલીસ પટેલની હાલની નિમણુંકની કાર્યવાહી સ્થગિત કરવી.

(૨) પોલીસ પટેલની નિમણુંક અંગેના કાગળો હાલ જે કક્ષાએ હોય ત્યાં જ સ્થગિત કરવા.

(૩) રાજ્યમાં પોલીસ પટેલની કોઈ પણ નવી નિમણુંક ન કરવી.

ગુજરાતરાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી

(એમ.એમ.પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.

રવાના
10 APR 1989

ભાભોર:૬૪૮૯